# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

**************************************************

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તરપ્રદેશના વારાણસીમાં PM-કિસાન સન્માન નિધિ યોજનાના નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરશે.

✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષપદે આજે દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં મણિપુરની સલામતી સ્થિતીની સમીક્ષા કરવામાં આવી છે.

✓ પશ્ચિમ બંગાળમાં આજે સવારે થયેલા રેલવે અકસ્માતમાં નવ લોકોના મોત થયા છે અને 60 લોકો ઘાયલ થયા.. પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી અકસ્માતમાં મૃત્યુ પામનારના પરિવારોને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા અપાશે.

✓ ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જીલ્લામાં સલામતી દળોએ કરેલી કાર્યવાહીમાં ચાર માઓવાદીઓ જ્યારે કાશ્મીરમાં સલામતી દળોની કાર્યવાહીમાં એક આતંકવાદી ઠાર..

✓ અમેરિકાના રાષ્ટ્રીય સલામતી સલાહકાર જેક સુલિવાને વિદેશમંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ સાથે દિલ્હીમાં દ્વિપક્ષીય મંત્રણા કરી...

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM--KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તરપ્રદેશના વારાણસીમાં PM-કિસાન સન્માન નિધિ યોજનાનો 17મો હપ્તો છૂટો કરશે. આ અંતર્ગત આશરે નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવશે.

આ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સ્વ-સહાય જૂથોની 30 હજારથી વધુ મહિલાઓને કૃષિ સખી તરીકેનાં પ્રમાણપત્રો એનાયત કરશે.

આવતીકાલે સાંજે તેઓ વારાણસીમાં દશાશ્વમેધ ઘાટ ખાતે ગંગા આરતીમાં ભાગ લેશે અને કાશી વિશ્વનાથ મંદિર ખાતે પુજા અર્ચના કરશે. 19મીએ સવારે તેઓ બિહારના નાલંદા યુનિવર્સીટીના અવશેષોની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ બિહારના રાજગીરમાં નાલંદા યુનિવર્સિટીના કેમ્પસનું ઉદઘાટન કરશે અને જનમેદનીને પણ સંબોધશે.

આ પ્રસંગે, 17 દેશોનાં રાજ દૂતાવાસના વડા સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહેશે. આશરે 1 હજાર 600 વર્ષ પહેલાં નિર્મિત મૂળ નાલંદા યુનિવર્સિટીને વિશ્વની પ્રારંભિક રહેણાંક યુનિવર્સિટીઓમાંની એક ગણવામાં આવે છે. વર્ષ 2016માં નાલંદા યુનિવર્સીટીના અવશેષોને રાષ્ટ્રસંઘની વિશ્વ વારસા સૂચિમાં સમાવેશ કરાયો હતો.

# REV-EVE-SHAH---MANIPUR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષપદે આજે દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં મણિપુરની સલામતી સ્થિતીની સમીક્ષા કરવામાં આવી છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લા, ગુપ્તચર વિભાગના વડા, ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ મનોજ પાંડે, મણિપુરના પોલીસ વડા અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, શ્રી અમિત શાહના અધ્યક્ષપદે ગઇકાલે યોજાયેલી બીજી ઉચ્ચસ્તરીય બેઠકમાં જમ્મુ અને કાશ્મીરની સલામતીની પરિસ્થિતી અને અમરનાથ યાત્રાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

# EVE. TRAIN ACCIDENT

પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં આજે સવારે માલગાડીની ટક્કર બાદ, કાંચનજંગા એક્સપ્રેસના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરી જતાં નવ લોકોના મોત થયા હતા અને 60 લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં માલસામાન ટ્રેનના ડ્રાઈવર અને સહાયક ડ્રાઈવરની સાથે, કંચનજંગા એક્સપ્રેસ ટ્રેનના ગાર્ડનું પણ મોત થયું હતું.

દરમિયાન, રેલવે બોર્ડના અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી જયા વર્મા સિન્હાએ આજે કહ્યું છે કે, બચાવ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. તેમણે કહ્યું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અકસ્માતનું કારણ માનવીય ભૂલ હતી..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં થયેલા રેલ અકસ્માતમાં મૃત્યુ પામનારના દરેકના વારસદારોને બે-બે લાખ રૂપિયાની

અને ઇજાગ્રસ્તોને પચાસ હજારની સહાય પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી આપવાની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રેલવે અકસ્માતમાં મૃત્યુ પામનાર અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ઘટનાસ્થળે પહોંચીને માહિતી મેળવી હતી અને હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ઇજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા,

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# JHARKHAND-ENCOUNTER

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જીલ્લામાં સલામતી દળોએ કરેલી કાર્યવાહીમાં એક સ્વ-ઘોષિત ઝોનલ કમાન્ડર સહિત ચાર માઓવાદીઓ ઠાર થયા છે. પોલીસના જણાવ્યા મુજબ, ઘટનાસ્થળેથી શસ્ત્રો અને દારૂગોળાનો જથ્થો મળી આવ્યો છે. સલામતી દળોએ સંબંધિત વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું ત્યારે અથડામણની ઘટના બની હતી. ઝારખંડના પોલીસ અધિકારી અમોલ હોમકરે જણાવ્યું છે કે, આ કાર્યવાહી દરમિયાન બે માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.

# J-K---TERRORISTS---ENCOUNTER

ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના અરગામ ગામમાં સલામતી દળોની કાર્યવાહીમાં એક આતંકવાદી માર્યો ગયો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંબંધિત વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની મળેલી બાતમી બાદ સલામતી દળો અને જમ્મુ- કાશ્મીર પોલીસની સંયુક્ત ટીમે શોધ અભિયાન આરંભ્યુ હતું..

આ શોધખોળ દરમિયાન સલામતી દળોની સંયુક્ત ટીમ ઉપર આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેનો જવાબમાં સલામતી દળોએ કરેલી વળતી કાર્યવાહીમાં આંતકવાદી ઠાર થયો હતો..

# INDIA-US-iCET

ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના રાષ્ટ્રીય સલામતી સલાહકાર જેક સુલિવાને નવી દિલ્હીમાં યોજાયેલ **iCETની વાર્ષિક બેઠકમાં ભાગ લીધો હતો તથા વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. બેઠક બાદ શ્રી જયશંકરે ભારત- અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો... આ ઉચ્ચસ્તરીય બેઠકમાં સંરક્ષણ, દ્વિપક્ષીય તેમજ આંતરરાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ અંગે વાતચીત કરી હતી...**

**ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો- બાઇડેન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંરક્ષણ ક્ષેત્રે ઔદ્યોગિક અને ટેક્નોલોજી ક્ષેત્રે સહકાર મજબૂત બનાવવા મે, 2022માં ભારત- અમેરિકા ક્રિટીકલ એન્ડ**

**ઇમર્જીંગ ટેક્નોલોજી- iCET પહેલની જાહેરાત કરી હતી. આ પહેલ હેઠળ બંને દેશોની સરકારો, શૈક્ષણિક સંસ્થાઓ અને વેપાર જગતના પ્રતિનિધીઓ સંરક્ષણ ક્ષેત્રનો સહકાર અને ભાગીદારી મજબૂત બનાવવા ખાસ પગલાં ભરે છે.**

# EID

દેશભરમાં આજે ઇદ-ઉલ-અદહા બકરી ઇદ મનાવવામાં આવી.

મુસ્લિમ બિરાદરોએ આજે ઈદ અલ અદહાની નમાઝ અદા કરીને એકબીજાને ભેટીને ઈદની મુબારકબાદી આપી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈદના પવિત્ર અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના સંદેશામાં જણાવ્યું હતું કે, ઇદ-અલ –અદહા એ ત્યાગ અને બલિદાનનો તહેવાર છે જે લોકોને દરેકસાથે ખુશીઓ વહેંચવાનો સંદેશ આપે છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આ અવસરે લોકોને એકતા, કરુણાનાં મૂલ્યો પર ચિંતન કરવા હાકલ કરી હતી.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું છે કે ઇદ-અલ-અદહાનો આ અવસર સમાજમાં સૌહાર્દ અને એકતાના બંધનને વધુ મજબૂત કરશે.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 30 જૂનનાં રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનાર ‘મન કી બાત’ કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર

પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા પર માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શકે છે. આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

# GUJ. CM MEETING

ગુજરાતના ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસ ખાતે ભાજપની બે મહત્વપૂર્ણ બેઠક યોજાઇ ગઇ, જેમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં લોકસભાની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા રાજ્યના સાંસદો ઉપસ્થિત રહ્યાં હતાં..

જ્યારે પ્રદેશ સંસદીય દળની બેઠકમાં ભાજપના સંસદીય દળના સભ્યોએ ગાંધીનગરના નવા મેયરની પસંદગીની અને નવા પદાધિકારીઓની નિયુક્તિની ચર્ચા કરી હતી.. આ નામો નક્કી કરીને આવતીકાલે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં તેની જાહેરાત કરાશે..

# TN-DROWN

તમિળનાડુના રામેશ્વરમ નજીકના મધદરિયે માછીમારોની એક નૌકા અકસ્માતે ડૂબી જતાં ત્રણ માછીમારોના મોત નિપજ્યાં છે. તમિળનાડુના મુખ્યમંત્રી એમ. સ્ટાલિને આ બનાવ અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરીને નૌકા દુર્ઘટનામાં મૃત્યુ પામનાર માછીમારના પરિવારને મહેરની રૂએ ત્રણ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.